પ્રકરણ ૪૭મું

# જૈન સંસ્કૃતિ—દર્શનીય જૈન મંદિરો

ઈરિયુ નગર અનુપમ, બહુ જિનના પ્રાસાદજી,
હેમબિંબ ધ્વજ તોરણ ત્યાંહિ વાજે ઘંટાનાદજી,
કવિ ઋષભદાસ.

## જૈન સંસ્કૃતિ :

જૈનધર્મે ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં અણમૂલો ફાળો આપ્યો છે. બુદ્ધ અને મહાવીર ભારતીય આકાશનાં બે પ્રકાશિત નક્ષત્રો ગુરુ–શુક્રના જેવા તેજસ્વી હતા. મહાવીરનો પ્રકાશ ભારતના હૃદયના ઊંડાણમાં ઊતરી ગયો, બુદ્ધે મધ્યમ માર્ગ શીખવ્યો. મહાવીરે મધ્યસ્થ દૃષ્ટિ દીધી. બંને દયાળુ અને અહિંસાના મહાન પૂજારી હતા. બુદ્ધ બોધ-પ્રધાન હતા. અને મહાવીર વીર્યવાન તપસ્વી હતા.

ગુજરાતના મધ્યકાલીન સંસ્કૃત સાહિત્યની, અપભ્રંશ અને જૂની ગુજરાતી સાહિત્યની અપૂર્વ સેવા બજાવી છે. ગ્રંથો લખાવાને તથા ભંડારો સ્થાપીને તેમાં મહામૂલું સાહિત્ય સંઘરી રાખ્યું છે. ખંભાત, પાટણ, જેસલમીર જેવાં સ્થળોએ પ્રાચીન તાડપત્રીય ગ્રંથભંડારો આજે અમૂલ્ય વારસો છે. જે ગ્રંથોની પ્રતો અન્ય સ્થળે ન હોય તે ખંભાતમાંથી પ્રાપ્ત થાય છે; વળી જૈન અને જૈનેતરના ગ્રંથો સંગ્રહી રાખ્યા છે એ નાનીસૂની સેવા ન કરી કહેવાય.

મૂર્તિઓનાં સ્તવન, પૂજનઅર્ચન, વ્રત, ઉપ-વાસ, ધાર્મિક વરઘોડા, તીર્થયાત્રા આ સઘળી ધર્મની સંસ્કારિતાને જીવનમાં ખૂબ ઉતારી છે, પચાવી છે. જૈન દેવાલયો તેની સંસ્કૃતિનો અમર વારસો છે. તેમાં રહેલી કળા; પુસ્તકોમાંની ચિત્રકળા વગેરે ધર્મભાવનાના પ્રત્યક્ષ નમૂના છે,



આબુના નેમિનાથના ચૈત્યની અદ્ભુત છત
જે ખંભાતના મંત્રી વસ્તુપાળે કરાવેલી

### જૈન પ્રતિમાઓ

શ્રી તીર્થંકરની પ્રતિમાઓ ધ્યાનસ્થ સ્થિતિમાં અને પદ્માસન વાળીને બેસાડેલી હોય છે. મુખ ઉપર શાંતિ છવાઈ રહેલી હોય છે. ખોળામાં બંને હાથ મૂકેલા હોય છે. લગભગ બધી જ પ્રતિમાઓ એકસરખી દેખાય છે પરંતુ તેમને ઓળખવાને માટે તેમના પરિકર ઉપર એક ચિહ્ન ( લાંછન ) કોતરેલું હોય છે; તે લાંછન ઉપરથી તે કયા તીર્થંકરની પ્રતિમા છે તે જાણી શકાય છે. આ સાથે આપેલી યાદીમાં દરેક તીર્થંકરનાં લાંછન વગેરે બતાવેલું છે. કોઈ કોઈ પ્રતિમા ઊભી પણ હોય છે, તેને ' કાઉસગ્ગીઆ ' કહે છે. તે તેમની સ્થિતિ દેખાડે છે. માણેકચોકમાં આવેલા ભોંયરાના દેવળમાં બિરાજતી ઘણી જ વિશાળ પ્રતિમા છે, તેમ બજારના ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં પણ વિશાળકાય પ્રતિમાજી છે. એક વખત દર્શન કરે તો ત્યાંથી ખસવાનું મન ન થાય—કલાની દૃષ્ટિએ શિર પર ફણા અને કોતરણી હોય છે તે અત્યંત મનોહર હોય છે–બધી પ્રતિમાઓ ધોળા આરસની હોય છે, પણ કોઈ કોઈ કાળા આરસપહાણની છે; કેટલીક ધાતુની હોય છે, કેટલીક ચાંદીની છે. શ્રી સ્તંભનપાર્શ્વનાથની પ્રતિમા ' નીલમ ' છે. ઘણી જ કીમતી છે.

આબુના લૂણવસતિના મંદિરના મૂળ નાયક તરીકે પ્રતિષ્ઠિત કરાવવામાં આવેલી શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિ ખાસ ખંભાતમાં તૈયાર કરાવવામાં આવેલી તથા વસ્તુપાળે પોતાના પૂર્વજોની પત્નિ સહિત પોતાના ભાઈઓ વગેરેની મૂર્તિઓ કરાવીને ત્યાં મુકાવી છે. જે આજ સુધી ત્યાં વિદ્યમાન છે.[1] આ નેમીનાથની પ્રતિષ્ઠા નાગેન્દ્રગચ્છના શ્રી વિજયસેનસૂરિએ વિ. સં. ૧૨૮૭ના ચૈત્ર વદી ૧૩ ને રવિવારે કરાવી છે.[2]

૧. ' દેલવાડાનાં દહેરાં ' આકાશવાણી. શ્રી ભો. સાંડેસરા, અખંડઆનંદ, ૧૯૫૦, પૃ. ૩૯

૨. જૈન સત્યપ્રકાશ, પુ. ૬૫, પૃ. ૨૩૭ ઉપર ' અર્બુદકલ્પ '–ટીપ.

## મંદિરો અને મૂર્તિનો નાશ

એક વિદ્વાન લખે છે કે ગુર્જરભૂમિને અલ્લાઉદ્દીન ખિલજીના હસ્તનો સ્પર્શ થયો ત્યારથી જૈન સંસ્કૃતિથી પોષાયેલો અને સમૃદ્ધ બનેલો ગુજરાતનો બગીચો સુકાવા લાગ્યો. છેલ્લાં છસો વર્ષમાં શાંતિના યુગમાં સ્થપાયેલાં અનેક ભવ્ય શહેરો, સુંદર પ્રતિમાઓ, ભવ્ય પ્રાસાદો અને કળાના અદ્વિતીય નમૂનાઓ સારાસારનો વિચાર કર્યા વગર નષ્ટ કર્યાં. જૈન, શૈવ કે વૈષ્ણવ મંદિરો જમીનદોસ્ત થયાં. તેના સુંદર પથ્થરો અને કારીગરીના નમૂનાઓ મસ્જિદોનાં ચણતરોમાં ખડકાયા. સેંકડો જૈન, શૈવ, વૈષ્ણવ મૂર્તિઓના ભુક્કા થઈ, તેનાં પગથિયાં બનાવાયાં. આ સર્વનાશમાંથી પણ જૈનોએ જેટલું બન્યું તેટલું બચાવ્યું. બની શકે તેટલી પ્રતિમાઓને પ્રાસાદોમાંથી ખસેડી જમીનમાં ભંડારી; ગ્રંથભંડારોને પણ છુપાવ્યા.[1]

કાલક્રમે મોગલો આવ્યા. મહાન અકબરે ગુજરાત લીધા પછી તે જૈન સંસર્ગમાં આવ્યો; અને તેને પોતાનો નવો ધર્મ સ્થાપવો હતો; તેથી તેણે જુદા જુદા ધર્મના ફીરકાઓને દિલ્હીમાં એકત્ર કર્યા હતા. તેમાં તે સમયના પ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી હીરવિજયસૂરિને બોલાવ્યા હતા. તેઓ આ સમયે ખંભાતમાં હતા. તેઓ દિલ્હી ગયા. ધર્મચર્ચા કરી, અને ધર્મ ઉપર ક્રૂરતા કરવાને બદલે દેવમંદિરો તથા સાધુપુરુષોનું રક્ષણ કર્યું. તેમાં જહાંગીર પણ તેને પગલે ચાલ્યો. આથી ખંભાતના જૈનગ્રંથોમાં તથા શિલાલેખોમાં તે બાદશાહોનાં નામ કોતરેલાં છે.

૧. શ્રી જૈનાચાર્ય આત્માનંદ જન્મશતાબ્દી સ્મારકઅંક, પૃ–૭, ગુજરાતી વિભાગ. ખંભાતમાં આના પુરાવા મળ્યા છે.



શ્રી અજિતનાથ—ખંભાત : માણેકચોક વિ. સં. ૧૬૬૨

## જૈન ધર્મમાં શક્તિનું સ્થાન

જૈનધર્મમાં અનેકવિધ દેવ - દેવીઓ, અનેકવિધ કલ્પો, મંત્રતંત્ર, યંત્રપટો અને તેની વિધવિધાનો, ઉપાસના આદિ સારા પ્રમાણમાં જોવામાં આવે છે. જૈન કથાસાહિત્યમાં પણ ઘણે સ્થળે એવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તીર્થંકર ભગવાનની સંખ્યા ૨૪ છે. દરેક તીર્થંકરનો જમણી બાજુએ એક યક્ષ અને ડાબી બાજુએ એક યક્ષિના હોય છે, જે શાસનદેવી ગણાય છે. આ શાસનદેવીઓ ચોવીસ છે. તે ઉપરાંત શ્રુતદેવતા, શાંતદેવનાં વગેરેનાં વર્ણનો છે. શાસનદેવીઓમાં મુખ્ય ચાર દેવીઓ છે. ચક્રેશ્વરી અંબિકા, પદ્માવતી અને સિદ્ધાયિકા છે. તેમાં પણ અંબિકા અને પદ્મવતીનાં સ્વતંત્ર મંદિર, પૂજન, માન્યતા વગેરે સારા પ્રમાણમાં મળે છે. ભારતના મુખ્ય ત્રણ સંપ્રદાયોમાં તારા, પદ્માવતી અને ગૌરીની આરાધના વિશેષ જોવામાં આવે છે. જૈનોમાં પદ્માવતી, બૌદ્ધોમાં તારા અને હિંદુઓમાં ગૌરી છે.

**પદ્માવતી :**

તેવીશમાં તીર્થંકર ભગવાન પાર્શ્વનાથની શાસનદેવી છે. તેમની મૂર્તિઓ વિવિધ સ્વરૂપે જોવા મળે છે : દ્વિભુજા, ચતુર્ભુજ અષ્ટભુજાવાળી જોવામાં આવે છે.

**અંબિકા :**

નેમિનાથ ભગવાનની શાસનદેવી છે. જૈન ગ્રંથોમાં તેનું વર્ણન મળે છે. ખંભાતમાંની એક જૈન પ્રતિમા 'અંબિકા' ઉપર શ્રી ઉમાકાન્ત પ્રેમાનંદે લેખ લખ્યા છે ![1]

૧. 'શ્રીજૈનપ્રકાશ' દીપો. વર્ષ ૭મું. પૃ. ૧૭૫

પદ્માવતી અને અંબિકાનાં પૂજનચર્ચન ઘણાં પ્રસિદ્ધ છે. તેમની આરાધના વિશેષ પ્રમાણમાં કરવામાં આવે છે.

સિદ્ધાયિકા :

એ ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીનાં શાસનદેવી છે. તેમનું બીજું નામ અપરાજિતા છે, અલૌકિક વિદ્યાની આરાધનામાં ઉપયોગી છે.

ચક્રેશ્વરી :

આદિનાથ–ઋષભનાથનાં શાસનદેવી છે. તેનું બીજું નામ અપ્રતિચક્રા છે. શ્વેતાંબર અને દિગંબર બન્ને સંપ્રદાયની પરંપરામાં ચક્રેશ્વરીનાં વર્ણનો જોવા મળે છે.

પદ્માવતી એ લક્ષ્મીનું સ્વરૂપ છે. તેમ જ અંબિકા તે પાર્વતી-ઉમાનું સ્વરૂપ છે; અને ચક્રેશ્વરીને વિદ્યાદેવી તરીકે સ્વીકારવામાં આવે છે. આ રીતે જૈનગ્રંથોમાં શાસનદેવીઓ, વિદ્યાદેવીઓ, માતૃકાદેવીઓ, શ્રુતદેવીઓ વગેરેનાં વર્ણનો જોવાનાં મળે છે.


ભોંયરામાં બિરાજમાન :

બજારમાં ચિંતામણી પાર્શ્વનાથ, બોળપીપળે શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ, માણેકચોકમાં ચિંતામણી પાર્શ્વ-નાથ, વાઘમાસીની ખડકીમાં શ્રી સંભવનાથ એમ ચાર સ્થળોએ ભોંયરામાં પ્રતિમાજી બિરાજે છે. અલ્લાઉદ્દીન ખીલજીના સમયમાં ખંભાત ઉપર થયેલા આક્રમણથી જૈન અને જૈનેતર મૂર્તિઓના સંરક્ષણ માટે કેટલીય પ્રતિમાઓને ભૂમિમાં પધરા-વવામાં આવી હશે, વખત જતાં તે પ્રતિમાઓ બહાર નીકળે છે.

દેવભુવનો

'નયરી ત્રંબાવતી જાણઈ, અલકાપુરી સમાન
દેવભુવન શોભઈભલાં, જાણું હો ઈંદ્રવિમાન'

(અગડદત્તરાસ વિ. સં. ૧૬૮૫)



શ્રી સ્તંભન પાર્શ્વનાથ, ખંભાત.
સંવત ઈ. સ. ૧૩૧૨ – ૧૩૬૮

શ્રી સ્તંભન પાર્શ્વનાથ જીનાલય[1] આ જીનાલય ખારવાડામાં આવેલું છે. શ્રી સ્તંભન પાર્શ્વનાથનાં ઘણાં સ્તવનો જૈન કવિઓએ બનાવેલાં છે. વળી વિ. સં. ૧૩૬૮ (ઈ. સ. ૧૩૧૨)માં આ પ્રતિમાજી સ્તંભનકપુર (થામણા)માંથી ખંભાતમાં લાવવામાં આવી છે. શ્રી મેરુતુંગસૂરિએ વિ. સં. ૧૪૧૩માં સ્તંભનનાથ પાર્શ્વનાથ પ્રબંધ સંસ્કૃતમાં રચ્યો છે તેમાં ઉપરની હકીકત જણાવી છે. તેમાં તેમનું વર્ણન આપવામાં આવ્યું છે. શ્રી અભયદેવસૂરિને રોગમુક્ત કરવામાં આ પ્રભુની કૃપા હતી. તેમણે નવ અંગની ટીકા કરી છે. તેમણે 'જયતિહૂયણ'

---

૧. 'ખંભાતનો પ્રાચીન જૈન ઇતિહાસ (સં. ૧૯૯૬) લેખક : નર્મદાશંકર ત્ર્યમ્બકરામ ભટ્ટ., તેમાં ખંભાત વિષે વિસ્તારથી લખવામાં આવ્યું છે. જિજ્ઞાસુએ ત્યાંથી વાંચી લેવું.

નામે બત્રીસ ગાથાનું સ્તોત્ર કર્યું છે. તેમાં ભગવાનની પ્રાર્થના–સ્તુતિ કરી છે.[૧]

શ્રી સ્તંભન પાર્શ્વનાથની પ્રતિમાજી ઘણી જ પ્રાચીન ગણાય છે. પ્રતિમાજી નીલમનાં છે. જ્યારે તેમને ખંભાત લાવવામાં આવ્યાં ત્યારે તે એક જૂના મંદિરમાં પધરાવ્યાં હતાં. ત્યાર પછી નવું દેરાસર વિ. સં. ૧૯૮૪માં કરાવ્યું; અને તેમાં વિ. સં. ૧૯૮૪ના ફાગણ સુદ ૩ ને દિવસે શ્રી વિજયનેમિસૂરીશ્વર મહારાજને હાથે બહુ જ ધર્મક્રિયાથી, આનંદોત્સવપૂર્વક આ પ્રતિમાને આ નવીન પ્રાસાદમાં પધરાવવામાં આવ્યાં. આ ઉત્સવમાં દેશદેશના અનેક ભવિક શ્રાવકો આવ્યા હતા અને હજારો રૂપિયા ખર્ચ કર્યો હતો. આ પ્રતિષ્ઠા સાથે કેટલાંક નવીન બિંબોની અંજનશલાકા થઈ હતી. તથા શ્રી મોરપાર્શ્વનાથ તથા બીજી બાજુ આદીશ્વરની સ્થાપના કરવામાં આવી હતી.

ખંભાતમાં આ દેવાલય દર્શનીય છે. આ જિનાલયની ઉત્તર તરફની ભીંતમાં વિ. સં. ૧૩૬૬ સાલનો સંસ્કૃતમાં શિલાલેખ છે. તેમાં 'અલાવદ્દીન સુરત્રાણ પ્રતિશરીર શ્રી અલપખાન'નો ઉલ્લેખ છે.

આ સિવાય ખારવાડાનાં તમામ જિનાલયો દર્શનીય છે. કે જેમાં પ્રાચીન પ્રતિમાઓ તથા પટ્ટ વગેરે જોવાનાં મળે છે.

પ્રાચીન તીર્થમાળાઓમાં સ્તંભન પાર્શ્વનાથના ગુણ ગાયા છે. વળી ખરતરગચ્છના વિ. સં. ૧૬૫૩માં થયેલા કવિ કુશળલાભ ઉપાધ્યાયે 'શ્રી સ્તંભનક પાર્શ્વનાથ સ્તવન' રચ્યું છે, જેમાં સઘળી ઐતિહાસિક હકીકત ગૂંથી છે.[૨]

## શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દેવભુવન (જીરાલાપાડો)

ખંભાત શહેરમાં સર્વ જિનાલયોના શિરોમણીરૂપ આ જિનાલય છે. અગાઉ ત્યાં ૭ મૂળ દહેરાં હતાં; તે ઘણાં જૂનાં થઈ ગયાં હતાં, એટલે તે દહેરાંની મૂર્તિઓ બીજા દહેરામાં પધરાવી. પછી તે સ્થળે વિ. સં. ૧૯૫૬ના મહા સુદ ૫ને દિવસે નવા દહેરા માટે કામ શરૂ કરવામાં આવ્યું. અને સાત વર્ષે વિ. સ. ૧૯૬૩ના જેઠ સુદ ૬ને દિવસે મૂળ નાયકને પધરાવી તેની પ્રતિષ્ઠા ખંભાતના ધર્મપ્રેમી શેઠ અમરચંદ પ્રેમચંદને હાથે કરાવવામાં આવી; પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરિ હતા.

આ તદ્દન પથ્થરથી બંધાયેલા દહેરામાં દરેક જાતના પથ્થરો લાવવામાં આવ્યા છે. પીળો આરસ મકરાણથી, ધોળો આરસ મકરાણ અને આબુથી, રાતા પથ્થર જોધપુર અને કોટાથી, લીલો આરસ મોતીપરા (વડોદરા પાસેથી); ચોરસા ઇટાલીથી, પિત્તળકામ વિલાયતથી મંગાવવામાં આવ્યું હતું. લગભગ પચાસ હજારનો આરસ અને તેના ઉપર સાઠ હજાર રૂપિયા મજૂરી થઈ છે. એકંદરે તેને બંધાવતાં ત્રણ લાખ રૂપિયા ખરચ થયો છે. તેની અત્યારના સમયે કેટલી કિંમત થાય? તે વખતે મિસ્ત્રીને માસિક રૂ. ૧૮॥ પગાર આપવામાં આવતો અને મજૂરોને ૩થી ૧૨ પૈસા. ખંભાતીથી રોજ તરીકે રાખવામાં આવતા હતા એવા કુલ ૧૫૦ કારીગર રોજ આવતા હતા.

આ દહેરામાં કુલ ૨૫૨ મૂર્તિઓ છે. પાંચ શિખર છે. ગભારા ૧૯ ગણાય છે. મૂળ ૭ દહેરાંમાં બીજાં ૧૫ દહેરાં ઉમેરી ૨૨ દહેરાંની મૂર્તિઓ બેસાડવામાં આવી છે; તેને ત્રણ માળ છે. ભોંયરામાં ઘણી મૂર્તિઓ છે. વચલે માળે તથા ત્રીજે માળે પણ છે. આ ગગનચુંબી શિખરોવાળું; શહેરને

---


૧. અભયદેવસૂરિના સમયમા આ મૂર્તિ પ્રકટેલી છે.

૨. આનંદકાવ્યમહોદધિ, મૌક્તિક ૭મું, પૃ. ૧૮૬ કુશલલાભ વિરચિત શ્રી સ્તંભનક પાર્શ્વનાથ સ્તવન છે.

શોભાવનાર, જૈનોના મહાન તીર્થના કીર્તિને વધારનાર; ભવ્ય જિનાલય દર્શનીય છે.

ભોંયરાની દક્ષિણ દિશાના ખૂણા ઉપર એક પથ્થરમાંથી કોતરેલી ચાર મનુષ્યોની મૂર્તિઓ છે. ડાબા હાથ તરફ પુરુષ અને બાકીની ત્રણ સ્ત્રીની મૂર્તિઓ છે. જેઓ લગભગ ૧॥ ફૂટ ઊંચી છે. હાથ જોડીને ઊભી રહી છે. તેના ઉપર લેખ કોતરેલો છે તે બરોબર વંચાતો નથી પણ સાલ સંવત ૧૩૫૩ ૫૪ વંચાય છે.

આ ભવ્ય અને વિશાળ જિનાલય બંધાવવામાં ખંભાતના સુપ્રસિદ્ધ સ્વ. શેઠ પોપટભાઈ અમરચંદ તથા શ્રી પોપટચંદ મૂળચંદે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો છે. અલબત્ત ધનની મદદ પોતાની ઉપરાંત બહારના જૈન ભાઈઓના થયેલી છે. પરંતુ એકનિષ્ઠાથી અને ધર્મપ્રેમથી આ અમર કાર્યનો યશ તેમને અપાવે છે. ઇતિહાસમાં તે સદા અમર છે. શેઠ પોપટભાઈ અમરચંદ વિ. સં. ૧૯૦૨માં જન્મેલા અને વિ. સં. ૧૯૭૪માં તેમનો સ્વર્ગવાસ થયેલો છે.



શ્રી ચિંતામણી પાર્શ્વનાથ–જીરાલાપાડાનું ભવ્ય જિનાલય, વિ. સં. ૧૯૬૩

### બજારનું ચિંતામણિ પાર્શ્વનાથનું દેવભુવન

બજારમાં શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળામાં જતાં પ્રથમ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ઉપરના ભાગે તથા નીચેના ભાગે શ્રી સ્થંભણ પાર્શ્વનાથ ભગવાન ભોંયરામાં બિરાજે છે. ભોંયરું ઘણું મોટું છે. વચમાં સ્તંભ નથી. તેમાં ઊતરવાને સીડી હતી પણ હવે તો તેમાં ફેરફાર કરી પ્રકાશ આવે તથા ઊતરવા અને ચડવાનાં પગથિયાંની જોગવાઈ કરવામાં આવી છે.

આ દહેરામાં ભવ્ય પ્રતિમાજી બિરાજે છે. આ દહેરું બંધાવનાર ગાંધારનિવાસી પારેખ રાજિયા

અને વજિયા છે. તેઓએ વિ. સં. ૧૬૪૪ની સાલમાં બંધાવ્યું છે. અને તેની પ્રતિષ્ઠા શ્રી વિજયસેન સૂરિને હાથે થઈ છે. દેરાસરમાં સંસ્કૃતમાં લેખ છે. તેમાં આ દેરાસરનું વર્ણન તથા પરીખ રાજિયા વજિયાની પ્રશસ્તિ લખી છે. આ એકદમ ભવ્ય પ્રતિમાજી છે, જે બેનમૂન છે. જેનાં દર્શન કરવાથી આત્માને શાંતિ વળે. યાત્રાળુઓ તથા અન્ય ધર્મીઓ આ દહેરાની મુલાકાત અવશ્ય લે છે. દહેરાની નજીક એક દહેરી છે. તેમાં નીતિવિજયની મૂર્તિ છે તથા હર્ષવિજયની પાદુકાઓ તથા હાલ બીજી સાધુપુરુષોની પ્રતિમાઓ મૂકવામાં આવી છે. ખંભાતમાં આ જિનભવન ઘણું રમણીય અને જોવાયોગ્ય છે. પરીખ રાજિયા અને વજિયાની હકીકત આ પુસ્તકમાં અન્યત્ર આપવામાં આવી છે.



પંચધાતુનું સમવસરણ, ખંભાત, માણેકચોક

માણેકચોક—ચિંતામણિ પાર્શ્વનાથનું જૈન દેરાસર ઘણું સુંદર બનાવ્યું છે. તેમાં પ્રાચીન પ્રતિમાઓ ઉપરાંત અશોકવૃક્ષ ઉપર મહાવીર સ્વામિ તથા 'સંવત ૧૨૯૮ ગણિની દેવ સરિણી ગુરણ્ય' તથા પંચધાતુનું સમવસરણ વજન આશરે ૧૦ મણ જેમાં સં. ૧૨૫૨નો લેખ છે. તે આખું ફોલ્ડિંગ છે અને બહુ સુંદર કારીગરીવાળું છે ને જોવાજેવું છે. તથા પ્રાચીન મૂર્તિઓ જોવાજેવી છે.

વળી આદીશ્વરનું જૈન દેવાલય કે જેની પ્રતિમા ઘણી વિશાળ છે. ભોંયરામાં છે. આથી મોટી પ્રતિમા ખંભાતમાં તો શું પણ કદાચ ગુજરાતમાં અન્ય સ્થળે નહિ હોય !

આ ખડકીમાં ઘણાં દહેરાં આવેલાં છે.



અશોકવૃક્ષ ઉપર મહાવીર સ્વામી, ખંભાત, ઠે. માણેકચોક

## શ્રી સ્તંભતીર્થ ચૈત્યપરિપાટી

આ યાદીમાં ખંભાતમાં ખડકીવાર આવેલાં તમામ જૈનમંદિરોની યાદી છે.

૧ ખારવાડો — ૧ સ્થંભન પાર્શ્વનાથજી, ૨ શ્રી સીમંધરસ્વામીજી, ૩ અનંતનાથજી, ૪ કંસારી-પાર્શ્વનાથ, ૫ મહાવીર સ્વામીજી, ૬ મુનિસુવ્રત સ્વામિજી, ૭ શુભસાગર પાર્શ્વનાથજી.

૨ નાગરવાડો— ૮ શ્રી વાસુપૂજ્ય સ્વામિજી

૩ અલીંગ — ૯ શ્રી મુનિસુવ્રત સ્વામિજી

૪ લાડવાડો — ૧૦ શ્રી અભિનંદન સ્વામિજી

૫ માણેકચોક — ૧૧ શ્રી આદીશ્વરજી; ૧૨ ચિંતામણિ પાર્શ્વનાથ; ૧૩ શ્રી આદીશ્વરજી (ભોંયરામાં); ૧૪ શ્રી શાંતિનાથજી; ૧૫ શ્રી વાસુપૂજ્ય સ્વામીજી; ૧૬ શ્રી મહાવીર સ્વામિજી; ૧૭ શ્રી ધર્મ-નાથજી; શ્રી રત્નચિંતામણિ પાર્શ્વનાથજી

૬ ભોંયરાપાડો — ૧૮ શ્રી શાંતિનાથજી, ૧૯ શ્રી ચંદ્રપ્રભુ સ્વામિજી, ૨૦ શ્રી મલીનાથજી, ૨૧ શ્રી શાંતિનાથજી, ૨૨ શ્રી નવખંડા પાર્શ્વનાથજી

૭ ગીમટી — ૨૩ શ્રી મહાવીર સ્વામિજી

૮ ચોખાવાડો — ૨૪ શ્રી સુમતિનાથજી

૯ ચોકસીની પોળ — ૨૫ શ્રી વિમળનાથજી, ૨૬ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી, ૨૭ શ્રી મનમોહન પાર્શ્વનાથ, ૨૮ શ્રી શ્રેયાંસનાથજી, ૨૯ શ્રી મહાવીર સ્વામિજી, ૩૦ શ્રી શાંતિનાથજી.

૧૦ ટેકરી — ૩૧ શ્રી સંભવનાથજી, ૩૨ શ્રી સુતિનાથજી.

૧૧ બજાર — ૩૩ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી ૩૪ કર શ્રી આદીશ્વરજી.


૧૨ દંતારવાડો — ૩૫ શ્રી શાંતિનાથજી, ૩૬ શ્રી શાંતિનાથજી.

૧૩ ઊંડી પોળ — ૩૭ શ્રી શાંતિનાથજી

૧૪ વાઘમાસીની ખડકી — ૩૮ શ્રી સંભવનાથજી, ૩૯ શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથજી,

૧૫ ઓળપીપળો — ૪૦ શ્રી મુનિસુવ્રતસ્વામિ, ૪૧ શ્રી સંભવનાથજી, ૪૨ શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ, ૪૩ શ્રી વિમલનાથજી, શ્રી શાંતિનાથજી,

૧૬ સંઘવીની પોળ — ૪૪ શ્રી સોમચિંતામણિ, ૪૫ શ્રી વિમલનાથજી.



શ્રી આદીશ્વર ભગવાનનો પટ—માણેકચોક વિ. સં. ૧૨૯૮

૧૭ જીરાળાપાડો — ૪૬ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ, ૪૭ અમીઝરા, ૪૮ શ્રી મનમોહન ૪૯ શ્રી અરનાથજી, ૫૦ શ્રી અભિનંદનજી.

૧૮ શેરડીવાળાની પોળ — ૫૧ શ્રી વાસુપૂજ્યસ્વામિ

૧૯ મોટા કુમારવાડો — ૫૨ શ્રી શીતળનાથજી

૨૦ ગંધકવાડો — ૫૩ શ્રી શાંતિનાથજી

૨૧ કડાકોટડી — ૫૪ શ્રી સુમતિનાથજી, ૫૫ શ્રી પદ્મપ્રભુજી

૨૨ માંડવીની પોળ — ૫૬ શ્રી આદીશ્વરજી, ૫૭ શ્રી કુંથુનાથજી.

૨૩ આળીપાડો — ૫૮ શ્રી શાંતિનાથજી

૨૪ શકરપુર — ૫૯ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ, ૬૦ શ્રી સીમંધર સ્વામિજી, ૬૧ શ્રી ગૌતમસ્વામિજી

જૈનમંદિરોમાં એક કરતાં વધારે તીર્થંકરોની પ્રતિમાઓ હોય છે પરંતુ જિનાલયનું નામ મુખ્ય નાયકના નામ ઉપરથી ઓળખાય છે. જે તીર્થંકરને મુખ્ય ગણવામાં આવ્યા હોય તેમને મધ્યમાં બેસાડવામાં આવે છે. કેટલાંક દેરાસરોમાં ચોમુખી મૂર્તિઓ હોય છે. ખંભાતનાં જિનાલયોમાં લગભગ પાષાણની પ્રતિમાઓ હજાર ઉપરાંત અને ધાતુની પ્રતિમાઓ ૧૫૦૦ જેટલી ધારી શકાય.

## સ્વચ્છતા અને વ્યવસ્થા

પ્રત્યેક જૈનમંદિર આરસનું છે. તેની સ્વચ્છતા બહુ સારી હોય છે. દર્શનાર્થે મંદિરમાં પ્રવેશ કરતાં ધૂપ વગેરેની સુગંધીથી મનને શાંતિ મળે છે. પ્રત્યેક મંદિરનો વહીવટ બનતાં સુધી તે જ ખડકીના માણસને સોંપવામાં આવે છે. જેથી તે સારી રીતે ફરજ બજાવી શકે, દેખરેખ રાખી શકે.

## તેરમાચૌદમા સૈકામાં—વાઘેલા રાજાના સમયમાં જૈનમંદિરોનો નિભાવ કેવી રીતે થતો ?

જિનધર્મ પાળતા, ધર્મ પર અથાગ શ્રદ્ધા રાખતા; નિત્યપૂજા વિધિપૂર્વક થયા કરે તે માટે બધા વેપારી ભેગા મળીને ઠરાવ કરતા અને વસ્ત્ર, ખાંડ, કુષ્ટ, જટામાંસી, ટંકણ, રંગ વગેરે ચીજોથી ભરેલાં ગાડાંના બળદ પ્રતિ અડધો દ્રમ આપવો એમ બજારમાં આવતાં માલ ઉપર કર નાખવામાં આવતો. આ ઉત્પન્નમાંથી માણસો રાખી દેરાસરોની મૂર્તિપૂજા કરાવતા. આ હકીકત વિ. સં. ૧૩૫૨ના ખંભાતના એક શિલાલેખમાં આપવામાં આવી છે. આ વખતે સારંગદેવ રાજા રાજ્ય કરતો હતો. આ લખાણુથી નિષ્પન્ન થાય છે કે જૈનજ્ઞાતિ વેપારી કોમ છે અને કેટલો બધો માલ આવતો હશે ?

## ભીંત—૫ટ્ટ

જિનમંદિરોની ભીંતોને રંગ કરેલો હોય છે. ઉપરાંત ઘણાં મંદિરોમાં—માણેકચોક, ખારવાડો, જીરાળાપાડો વગેરે—શત્રુંજય, ગિરનાર, પાવાપુરી, ચંપાપુરી, સમેતશિખર વગેરે યાત્રાનાં સ્થળોના પટ્ટ ચિતરાવ્યા છે. જેથી તે પટ્ટનાં દર્શન કરવાથી તે જાત્રાનાં સ્થળનાં નિત્ય દર્શન થાય. વળી તેનું રક્ષણ થાય તે માટે કાચનાં કબાટ પણ કરાવ્યાં છે. દિવાળી પછી કારતકી પૂનમે શહેરબહાર મંડપ બાંધી પટ્ટોનાં દર્શન કરાવાય છે; ત્યાં શહેરનો જૈનસમુદાય દર્શને જાય છે.

## મણિભદ્ર

માણેકચોકમાંના ઉપાશ્રયમાં, માંડવીની પોળના જિનાલયમાં, તથા ખારવાડામાં જતાં મણિભદ્રની મૂર્તિઓ હોય છે. આ સિવાય બીજા સ્થળે પણ છે.

## સંપ્રતિ રાજાના સમયની પ્રતિમાઓ

કેટલાક શિલ્પશાસ્ત્રીઓનું એવું માનવું છે કે જે મૂર્તિની કોણીનો ભાગ કટિને અડકેલો કોતરેલો હોય તેવી મૂર્તિઓ સંપ્રતિ રાજાના સમયની છે. અશોક (ઈ. સ. પૂર્વે ૨૭૩–૨૩૭) પછી એના પછી એનો પૌત્ર સંપ્રતિ થયો. અશોકે બૌદ્ધધર્મને ઉત્તેજન આપ્યું અને સંપ્રતિએ જૈનધર્મને ઉત્તેજન આપ્યું. એટલે આ પ્રતિમાઓ તે સમયની ગણતાં ઈ. પૂર્વેની વાત જાય છે. પણ ખંભાતનો વસવાટ આઠમા સૈકાનો ગણવામાં આવે છે, તો તેવી પ્રતિમાઓ નગરા અથવા બીજા કોઈ સ્થળેથી આવેલી ગણીએ તો ખોટું નથી. જૈનધર્મના ઇતિહાસમાં મહારાજા સંપ્રતિનું સ્થાન ઉજ્જવળ

કારકિર્દીભર્યું અને અતિ ગૌરવવંતુ છે. તેણે જૈન-ધર્મનો ઝંડો ફરકાવ્યો હતો.[1]

સ્વપ્નો: સોનાનાં બનાવેલાં અને તે જૈનધર્મના વરઘોડામાં ફેરવવામાં આવે છે.

ત્રિશલાદેવીને આવેલાં સ્વપ્નો[2]

૧. હાથી; ૨. બળદ; ૩. કેસરીસિંહ; ૪. લક્ષ્મી-દેવી; ૫. ફૂલની માળા; ૬. ચંદ્ર; ૭. સૂરજ; ૮. ધજા; ૯. મંગળકલશ; ૧૦. પદ્મસરોવર; ૧૧. ક્ષીરસાગર; ૧૨. દેવવિમાન; ૧૩. રતનનો રાશિ; ૧૪. અગ્નિની શિખા.

આમાં તેર સ્વપ્ન તો ત્રિશલાદેવીએ નિરખ્યાં પણ કેસરીસિંહ તો જાણે મુખવાટે ઉદરમાં પ્રવેશ કરી ગયો.

સપનાં નીરખી રાણી જાગ્યાં; રાજાને જગાડયા. રાજા કહે, 'રાણી! કોઈ મહાન આત્માના આવ-વાની આગાહી છે. જોશીઓને તેડીએ!

જોશી આવ્યા. ૧૪ સ્વપ્ન વિષે વિચાર કર્યો; ને બોલ્યા.

૧. સફેદ હાથીનું સ્વપ્ન સૂચવે છે કે બળવંતોમાં બળવંત ને મહાન પુરુષોમાં મહાન પુત્ર અવતરશે.

૨. વૃષભનું સ્વપ્ન–સૂચવે છે કે અધર્મના કાદવમાં ખૂચેલા ધર્મરથને એ બહાર કાઢશે. ધર્મ-ધોરી થશે.

૩. વનમાં સિંહ તો ઘણા હોય છે પણ કેસરી સિંહ એક હોય છે. નીડરતા, ઉદારતા ને ઉદારતામાં એક અને અજોડ છે.

૪. લક્ષ્મીનું સ્વપ્ન સૂચવે છે કે લક્ષ્મીવંતો એના ચરણે ચૂમશે.

૫. હારનું સ્વપ્ન સૂચવે છે કે સહુના હૈયાનો શત્રુ હૈયાનો પણ હાર બનશે.

૬. ચંદ્ર એની કાંતિ શિતલ અને વદન ચંદ્ર જેવું હશે.

૭. સૂરજ : અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર ને જ્ઞાનજ્યોતિ પ્રગટાવનાર સૂરજ હશે.

૮. ધજા : કુલ માટે કીર્તિની ધજા થશે.

૯. મંગળકળશ : સર્વસંપત્તિઓનો અને લબ્ધીઓનો વાસો બતાવે છે.

૧૦. તરસ્યાની તૃષા છિપાવનાર સરોવર એ હશે.

૧૧. ક્ષીરસાગર : ગહન છતાં ગમે એવો ક્ષીર-સાગર એ હશે.

૧૨. દેવવિમાન : એ દેવોનો વંદ્ય બનશે એમ સૂચવે છે.

૧૩. રત્નનો રાશિ : એ ગુણસંપત્તિનું પ્રતીક છે.

૧૪. અગ્નિની શિખા : અગ્નિની જ્યોત એ પવિત્ર આત્મજ્યોતનો ભાવ દાખવે છે.

ટૂંકમાં ધર્મની ધજાસમો કુળમાં દીપકસમો, સદ્‌ગુણોમાં મુગટ સમાન અને કીર્તિમાં કુમકુમતિલક સમાન અને ભયપીડિત જીવો માટે ગ્રીષ્મ ઋતુમાં વડની છાયા સમો પુત્ર તમને અવતરશે. રાજા–રાણી રાજી થયાં. જોશીઓને શિરપાવ આપ્યો. કાળવ્યતિત થતાં ગ્રીષ્મ ઋતુમાં ચૈત્ર મહિનામાં સુદ ૧૩ ત્રયો-દશીના મધ્યરાત્રે ત્રિશલાદેવીએ પુત્રરત્નને જન્મ આપ્યો.

મંગળપટ્ટ : કેટલાક ગૃહસ્થો તરફથી કપડા ઉપર સોનેરી–રૂપેરી જૈન કથાપ્રસંગો ભરાવેલા હોય છે. સંખ્યા સારા પ્રમાણમાં છે. કોઈ ધાર્મિક ક્રિયા કે કથાપ્રસંગ હોય છે ત્યારે તેને ભીંત ઉપર ધરાવવામાં આવે છે. તે બહુ કીમતી હોય છે.

---

૧. ઇન્ડીઅન અં. પુ. ૩૨, પૃ. ૨૩૨ ઉપર અશોકનો સમય ઈ. સ. પૂ. ૩૦૩ ઈ. સ. પૂ. ૩૨૫ અને સંપ્રતિનો સમય ઈ. સ. પૂ. ૩૦૩ થી ઈ. સ. પૂ. ૨૮૯ આપ્યો છે.

૨. શ્રી જયભિખ્ખુ–ગુજરાતસમાચાર તા. ૭–૯–૬૪ પૃ. ૬

ભરતગૂંથણના કારીગરોએ તેને બહુ જ સુંદર રીતે સોનેરી–રૂપેરી કસબથી મખમલ ઉપર ગૂંથેલા હોય છે.

### ઇંદ્રધ્વજ અને ચાંદીના રથ

રથયાત્રાનું મહત્ત્વ વિશેષ છે. આથી લાકડાનો મોટો રથ અને તેને મોટા જોડેલા બે ઘોડા એવો એક મોટો રથ હતો; તે રથને માણસો ખેંચતા; પર્યુષણપર્વમાં તે રથ કાઢવામાં આવતો; આજે પણ એક સ્થળે તે રથ મૂકી છાંડેલો જોવા મળે છે.

દિન પર દિન ધનસંપત્તિ વધવાથી ચાંદીનો રથ બનાવવામાં આવ્યો; રથને બે છત્રી, ચાંદીનાં ચાર પૈડાં, ચાંદીની ધૂસરી, વચમાં ભગવાનને બેસાડવાનું આસન; રથનાં શિખરો વગેરે બધું જ ચાંદીનું બનાવેલો રથ જૈન શાળામાં છે; તે ક્યારે બનાવ્યો છે તેની સાલ ઉપર લખી નથી.

ત્યાર પછી કેટલાંક વર્ષે બીજો ચાંદીનો રથ બનાવવામાં આવ્યો છે; આમ ખંભાતની જૈન આલમમાં બે ચાંદીના રથ છે.

ઇંદ્રધ્વજ — પર્યુષણપર્વના વરઘોડામાં પ્રથમ ઇંદ્રધ્વજ કાઢવામાં આવે છે. વચમાં ધ્વજદંડ ધરવામાં આવ્યો છે. તેને ચાર પૂતળીઓ ફરતી છે. અને તેની આજુબાજુ વાદ્ય વગાડનાર બેસી શકે તેવી ગોઠવણ હોય છે. તેને બળદ જોડવામાં આવે છે. તે ચાલે ત્યારે પૂતળીઓ અને તે સાથેનો ધ્વજ ફરે છે. આ ઇંદ્રધ્વજ રથ અત્રેના શેઠ શ્રી અમરચંદ પ્રેમચંદ નામથી વિ. સં. ૧૯૬૩ના જેઠ સુદી ૬ – કરાવેલો છે.

આ સિવાય પાટલા ઉપર નવગ્રહ, દશદિગ્પાલ, અષ્ટમંગળ વગેરે ચાંદીનાં બનાવેલાં છે. તથા સોનાથી મઢેલાં સ્વપ્નદર્શનો છે, વળી કપડાં ઉપર સોનાચાંદીથી ભરેલાં મંગળ પટ્ટ છે.

### શત્રુંજયના ખંભાતના ઉદ્ધારકો

### બાહડમંત્રીએ કરેલો ઉદ્ધાર : સં ૧૨૧૧

ખંભાતનો મંત્રીશ્વર ઉદયન કે જેને ઉદો મહેતો કહેતા હતા તે ગુર્જરેશ્વર કુમારપાળનો ખંભાતનો મંત્રી હતો. બાહડ એ ઉદયનને પુત્ર હતો.

કાઠિયાવાડના સુવર નામના માંડલિક શત્રુને જીતવા માટે કુમારપાળે પોતાના મંત્રી ઉદયનને મોટી સેના આપી મોકલ્યો. વઢવાણ પહોંચ્યા પછી ઉદયનને સ્ફુરણા થઈ કે શત્રુંજય નજીક આવ્યો છું તો હું તેનાં દર્શન કરી પાવન થાઉં. તેણે લશ્કર રવાના કર્યું અને પોતે ત્વરિત ગતિએ ગિરિરાજ શત્રુંજય ઉપર ગયો. આ સમયે મંદિર પથ્થરનું ન હતું પણ લાકડાનું હતું, અને મંદિરની અવસ્થા બહુ જીર્ણ થઈ ગઈ હતી; એટલામાં એક દરમાંથી ઉંદર નીકળી દીવાની બત્તી લઈ ગયો. મંત્રીને વિચાર થયો કે આ દીવાબત્તીથી આ કાષ્ટમય અને જીર્ણાવસ્થાવાળું દહેરું સળગી ઊઠશે. મારી સંપત્તિ શા કામની છે? મંત્રીએ તે જ ક્ષણે પ્રતિજ્ઞા લીધી કે આ યુદ્ધમાંથી છૂટા થયા પછી આ કાષ્ટમય દહેરાનો જરૂર ઉદ્ધાર કરીશ. આ પ્રતિજ્ઞા કરી મંત્રી ત્યાંથી યુદ્ધમાં ગયા. પછી લડાઈમાં મંત્રીને સખત ઘા પડયા. જીવવાની આશા મૂકી. આ વખતે તેમનો જીવ ગૂંચવાતો હતો; આથી સેનાપતિએ તેનું કારણ પૂછ્યું, ત્યારે મરણપથારીએ પડેલા ઉદયને કહ્યું કે મારી અંતિમ ઇચ્છા એટલી છે કે મેં શત્રુંજયઉદ્ધારની પ્રતિજ્ઞા લીધી છે; તે મારાથી પૂર્ણ થઈ શકી નથી. માટે મારા પિતૃભક્ત પુત્રોને કહેશો કે મારી અંતિમ ઇચ્છા તે પૂર્ણ કરે. ત્યાર બાદ ઉદયનનો દેહ છૂટી ગયો. ઘેર આવી સૈનિકોએ ઉદયનના પુત્રો બાહડ (વાગ્ભટ) અને અંબડને ઉદયનની અંતિમ ઇચ્છા જણાવી. તેના પુત્ર બાહડે ત્રણ જ વર્ષમાં તે મંદિર તૈયાર કર્યું. અને તેની પ્રતિષ્ઠા કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિએ વિક્રમ સં. ૧૨૧૧ (બીજા મતે ૧૨૧૩)માં કરાવી. મેરુતુંગાચાર્ય લખે છે કે આ

મંદિર બનાવવામાં બાહડને એક કરોડ સાઠ લાખ રૂપિયા ખર્ચ થયો હતો.

વસ્તુપાલે કરેલો ઉદ્ધાર : સં. ૧૨૭૬

ખંભાતનો મહામાત્ય વસ્તુપાલ સં. ૧૨૭૬માં ખંભાતમાં હતો. તેણે દિલ્હીના પાદશાહને પ્રસન્ન કરી તેની પાસેથી મમ્માણી ખાણના પથ્થર લીધા, તે પથ્થર શત્રુંજય ઉપર લઈ તેની પ્રતિમા કરાવી.

સજ્જનસિંહ ઊર્ફે સાજણસિંહ : સં. ૧૪૨૪

વિ. સં. ૧૪૨૪માં શત્રુંજય ઉપર તીર્થપદ સ્થાન કર્યું હતું. સજ્જનસિંહના પિતા સમરાશાહે સં. ૧૩૭૧માં નવી પ્રતિમા કરાવી ઉદ્ધાર કરાવ્યો હતો.


શાણરાજ : સં. ૧૪૫૨

વિ. સં. ૧૪૫૨માં શાણરાજે મોટો સંઘ કાઢી 'સંઘપતિ' થઈ ગિરનાર તથા શત્રુંજયની યાત્રા કરી હતી; અને ગિરિનાર ઉપર નેમિનાથ પ્રાસાદનો ઉદ્ધાર કર્યો હતો.

કર્માશાહ

ચિતોડના ઓસવંશ જ્ઞાતિના તોલાશાહનો તે પુત્ર હતો. તે પ્રભાવક શ્રાવક સ્તંભતીર્થ આવ્યો. સ્તંભતીર્થવાસી જૈન સમુદાયે તેનો મહોત્સવપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો. સ્તંભનક પાર્શ્વનાથ અને સીમંધર તીર્થંકર મંદિરોનાં દર્શન કરી કર્માશાહ ઉપાશ્રયમાં ગયા. આ વખતે શ્રી વિનયમંડન પાઠક બિરાજતા હતા. તેમને હર્ષપૂર્વક વંદન કર્યું. ખબરઅંતર પુછાયા બાદ કર્માશાહે પ્રશ્ન કર્યો કે મહારાજ! આપે મને પહેલાં શત્રુંજયનો ઉદ્ધાર કરાવા સંબંધી વાત કરેલી. તો તે બાબત આપ મને સ્પષ્ટ આજ્ઞા આપો. પાઠકે સર્વની સમક્ષ કહ્યું કે 'અમારે તો કેવળ એટલું જ કહેવું કે આપના કર્તવ્યમાં શીઘ્રતા કરો. અવસર આવ્યે અમે પણ અમારું કર્તવ્ય બજાવીશું.' બાદ પાંચછ દિવસ રોકાયા. પછી કર્માશાહ શત્રુંજય ગિરિ ઉપર ગયા. ખંભાતના વિનયમંડન પાઠક તથા અન્ય સાધુ તથા સાધ્વીઓ ત્યાં ગયાં. ત્યાં મૂર્તિઓ તૈયાર થયા બાદ વિનયમંડનના ગુરુ વિદ્યામંડનના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી.[1]

[1] કર્માશા ખંભાતનો ન હતો; પરંતુ કરેલા ઉદ્ધારની ગુરુઆજ્ઞા ખંભાતમાં થયેલી હોવાથી તેની નોંધ લીધી છે.



ખંભાતના મોતીશાહે શત્રુંજય ઉપર બાંધેલું ભવ્ય મંદિર. મોતીશાની ટુંક વિ. સં. ૧૯૮૩